અનુસૂચિત જાતિઓની કુમારીકાઓને
લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજના.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/KBM/e-file/17/2023/2607/G
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૧૧/૨૦૨૩

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:SCW/૧૦/૨૦૧૫/૫૭૫૩૦૬/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: SCW/૧૦/૨૦૧૫/૫૭૫૩૦૬/ગ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૧/૧૦/૨૦૨૩નો પત્ર ક્રમાંક:અજાક/મ-૫/૨૦૨૩/૫૩૧૬

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના ઠરાવથી અમલીત કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ હાલમાં અનુસૂચિત જાતિની ગરીબ અને નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા કુટુંબની વધુમાં વધુ ૨ (બે) કન્યાઓને લગ્નપ્રસંગે રૂ.૧૨૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના ઠરાવથી આ યોજના અંતર્ગત લાભાર્થી પાસેથી મેળવવામાં આવતા વધારાના પુરાવાઓ ઓછા કરવાના થતા હોવાથી યોજનાની શરતોમાં ફેરફાર કરવામાં આવેલ છે. આ યોજનામાં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા લાભાર્થીઓ પાસેથી મેળવવામાં આવતા ડોક્યુમેન્ટસ અંગે વિસંગતતા હોઈ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના પત્રથી આ વિભાગના તા:૨૨/૧૨/૨૦૨૧ના ઠરાવની શરત નં : ૫ રદ્દ કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના તા.૨૨/૧૨/૨૦૨૧ના ઠરાવની શરત નં: (૫) " આ યોજનાનો લાભ મેળવવા માટે લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમયે રજૂ કરવામાં આવતુ ફોર્મ રજૂ કરવાનું રહેશે" રદ્દ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. વધુમાં, આ યોજનાના લાભ માટે અરજદાર પાસેથી મેળવવાના અરજીપત્રક સાથે (૧) કન્યાનું આધારકાર્ડ (૨) લગ્નનોંધણી પ્રમાણપત્ર (3) કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનો દાખલો (૪) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાની જાતીનો દાખલો (૫) બેંક પાસબૂકના પ્રથમ પાનાની નકલ/રદ્દ કરેલ ચેક (કન્યાના નામ પાછળ પિતા/વાલીનું નામ હોય તે) (૬) સ્વ ઘોષણા વગેરે ડોક્યુમેન્ટસ (પુરાવા) મેળવવાના રહેશે.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૦૧/૧૧/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ચિરાગ પટેલ )
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(અ-૧)શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૩